# શહેરમાં ખાલી કે બંધ મિલ્કતના વેરામાં રાહત આપવા નિર્ણય

## મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં મહત્વનો નિર્ણય કરાયો : સતત ૬૦ દિવસ માટે મિલ્કત ખાલી કે બંધ રહી હોય તો ૬૭ ટકા સુધી રાહત અપાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મનપાએ મિલ્કત ખાલી અથવા બંધ હોય તેવા કિસ્સામાં જી.પી.એમ.સી. એક્ટની જોગવાઈઓનો ધ્યાને રાખી મિલલ્કતવેરામાં રાહત આપવાની મહત્વની દરખાસ્તને આજે મંજૂરી આપી છે.

ગાંધીનગર મનપાની આજે સ્થાયી સમિતિની મળેલ બેઠકમાં આ દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે.

બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલે જણાવ્યુ હતુ કે સતત ૬૦ દિવસ માટે મકાન કે મિલ્કત બંધ અથવા ખાલી રહ્યા હોય તો વેરામાં ૬૭ ટકા સુધી રાહત આપવાની જોગવાઈ છે. આ ઉપરાંત ૩૦ દિવસ બંધ કે ખાલી હોય તો તેટલા દિવસનો માફ કરવામાં આવશે.

મનપાના આ નિર્ણયની જાહેરાતને પગલે જમીન-મકાનમાં રોકાણ કરનાર વર્ગને મોટી રાહત થશે. શહેરમાં મિલ્કતવેરાની વર્ષ ૨૦૨૨-૨૩માં ૬૫ ટકાથી વધુની વસુલાત થઈ હતી જે નોંધનીય છે.

તેમણે જણાવ્યુ હતુ કે બંધ ખાલી મિલ્કતના લાભની અરજી ઝોન કચેરી અથવા જે તે ગામના જનસેવા કેન્દ્રો દ્વારા સ્વીકારવામાં આવશે. આ બાબતે ટેક્ષ ઈન્સ્પેક્ટર તથા ટેક્ષ ઓફિસરે સ્પષ્ટ અભિપ્રાય પણ આપવાનો રહેશે. આ લાભ મિલ્કતવેરાની રકમ પર જ આપવામાં આવશે. શિક્ષણ ઉપકર, સોલિડ વેસ્ટ કલેક્શન, સફાઈકર તથા અન્ય વેરાની રકમ પર લાભ આપવામાં આવશે નહિ.

બંધ ખાલીનો લાભ આપવાની સત્તા ત્રણ અધિકારીઓને સોંપવામાં આવી છે. ટેક્ષ કલેક્ટરને રૂ. ૫૦ હજાર સુધી, નાયબ મ્યુનિ. કમિશનરને ૫૦ હજારથી ૧ લાખ અને મ્યુનિ. કમિશનરને એક લાખથી વધુની રકમના લાભની સત્તા આપવામાં આવી છે.

આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં ઈજનેરી શાખાની નીતિ વિષયક સિવાયની બાબતો માટે સીટી ઈજનેરને પાવર ડેલીગેટ કરવાની સત્તા આપવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

આજની બેઠકમાં રજુ થયેલા મુદ્દાઓને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યાનું ચેરમેનશ્રીએ જણાવ્યુ હતુ. બેઠકમાં મનપામાં સમાવિષ્ટ થયેલા નોટીફાઈડ એરિયાના કુલ ૧૭૩ કર્મચારીઓને પેન્શન તેમજ અન્ય લાભો ચુકવવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. જેને લઈ મનપા પર રૂ. ૧૪ કરોડનો બોજ આવશે.

# કલ્ચરલ ફોરમની નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૪૬ ટીમો ભાગ લેશે

## સેક્ટર-૮ના સ્પોર્ટ્સ એકેડમીના ગ્રાઉન્ડ પર ૧૮ દિવસ ચાલનારા રોમાંચક ક્રિકેટ મુકાબલો પારિવારિક માહોલમાં યોજાશે



ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં આવતીકાલથી ક્રિકેટનો રોમાંચક મુકાબલો આરંભાશે. ગાંધીનગર કલ્ચલર ફોરમ આયોજીત 'એકાર્થ પ્રઝ્લ કપ' નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ આવતીકાલે એટલે કે ૨૧મી એપ્રિલથી સેકટર-૮ના ગાંધીનગર સ્પોર્ટસ એકેડમીના ગ્રાઉન્ડમાં આરંભાશે.

૧૮ દિવસ ચાલનારી ટેનિસ બોલ અને મેચીસ બોલ પર રમાનારી નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં શહેરની ૪૬ ટીમો ભાગ લઈ રહી છે. રોજેરોજ ૬ ટીમોની ૩ મેચ સાંજે ૬ થી ૧૨ દરમિયાન યોજાશે. શહેરના તબીબો, અધિકારીઓ, બિલ્ડરો, અધ્યાપકો, વ્યાપારીઓ એમ વિવિધ સંગઠનોની ૪૬ ટીમો વચ્ચે રોમાંચક મુકાબલો રમણીય વાતાવરણમાં ખેલાશે. આવતીકાલે ગાંધીનગરના મેયર હિતેષ મકવાણા અને ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલની ઉપસ્થિતિમાં પ્રથમ ફ્રેન્ડલી મેચ ગાંધીનગરના ડૉકટર્સ અને કલ્ચરલ ફોરમની ટીમ વચ્ચે યોજાશે.

૧૮ દિવસ ચાલનારા રોમાંચક રમતનું ન્ઈક્ષ સ્ક્રીન ઉપર જીવંત પ્રસારણ કરાશે. તથા પ્રત્યેક બોલની રનીંગ કોમેન્ટ્રી પણ આપવામાં આવશે. તમામ પ્રેક્ષકો માટે બેઠક વ્યવસ્થા ગોઠવાઈ છે અને દરેક ક્રિકેટ રસિકોને નિઃશુલ્ક પ્રવેશ પાસ સ્પોર્ટસ એકેડમી અને કલ્ચરલ ફોરમની ઓફિસેથી મળશે.

ટેનિસ બોલ અને મેચીસ બોલની બંને ટુર્નામેન્ટમાં વિજેતા ટીમને એક-એક લાખ રૂપિયા અને રનર્સ અપ ટીમને પચાસ-પચાસ હજાર રૂપિયા રોકડા ઈનામ તરીકે અપાશે. આ ઉપરાંત દરેક મેચના મેન ઓફ ધ મેચ, બેસ્ટ બોલર અને બેસ્ટ બેટ્સમેન ને કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા રોકડ ઈનામો આપવામાં આવશે.

# મતદારયાદી સુધારણા માટે નિમાયેલ નિરીક્ષક એ.કે. નિરાલા ૨૧મીએ ગાંધીનગર આવશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં મતદારયાદી સુધારણા અભિયાનને લઈ જિલ્લા માટે નિમાયેલ નિરીક્ષક એ.કે. નિરાલા ૨૧મીએ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આવશે.

મળતી વિગતો પ્રમાણે નિમાયેલ નિરીક્ષક નિરાલા એ દિવસે મતદાર નોંધણી અધિકારીઓ સાથે પંચના અભિયાન અંતર્ગત થયેલ કામગીરીની સમીક્ષા બેઠક કરશે તેમજ ૨૩મીના ખાસ સઘન ઝુંબેશ અભિયાન અંગે માર્ગદર્શન આપશે.

આ સમીક્ષા બેઠક બાદ તેઓ રાજકીય પક્ષના આગેવાનો સાથે પણ બેઠક કરશે અને અભિયાન તેમજ ખાસ અભિયાનમાં પંચને સહયોગ કરવા જણાવશે.

જિલ્લામાં ૫મી એપ્રિલથી ચૂંટણી પંચ દ્વારા મતદાર સુધારણા અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. મતદાર સુધારણા અભિયાન પૂર્વે મતદાર યાદીનો ડ્રાફ્ટ રોલની જે પ્રસિદ્ધિ કરવામાં આવી હતી તેમાં જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી પછી ૪૪૦૦ જેટલા મતદારો ઘટ્યા હતા. પંચ દ્વારા ૧૬મી એપ્રિલે મતદારયાદી સુધારણા અભિયાન અંતર્ગત ખાસ અભિયાન યોજવામાં આવ્યુ હતુ. જેમાં પંચની રાજ્ય કચેરીના સંયુક્ત નિયામકશ્રી પંડ્યાએ ગાંધીનગર (૩) અને ગાંધીનગર (૬)ના મતદાન મથકોની મુલાકાત લીધી હતી.

ખાસ અભિયાન દરમ્યાન ૬૬૧૧ જેટલી અરજીઓ પંચને મળી હતી જેમાં ૫૦૦ જેટલી અરજીઓ નામ રદ કરવા માટે તેમજ ૧૨૦૦ જેટલી અરજીઓ શિફટીંગ, નામ સુધારણા સહિતની બાબતોને લઈ મળી હતી. જિલ્લામાં ૪૦૦૦થી વધુ અરજીઓ નવા મતદારોની નોંધણી માટેની મળી હતી. હવે ૨૩મીએ મતદાર યાદી સુધારણા અભિયાનનો ખાસ ઝુંબેશ દિવસ છે.

પંચ દ્વારા મતદારયાદી સુધારણા માટે ત્રણ અલગ-અલગ તબક્કે સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

# પેયજળના મુદ્દે પાણી પુરવઠા અને માર્ગ-મકાન આમને સામને

## મનપા પાંચ ગામમાં ૧૦ ઇંચના બોર બનાવશે : હાલની પાણીની સમસ્યાના ઉકેલની દિશામાં મનપા સક્રિય છે : જસવંત પટેલ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં પેયજળના પુરવઠાને લઈ માર્ગ-મકાન અને પાણી-પુરવઠા વિભાગ આમને-સામને આવી ગયા છે.

માર્ગ-મકાન વિભાગ જે પાણી વિતરણની કામગીરી સંભાળે છે તેના સૂત્રો પાણી પુરવઠા બોર્ડ દ્વારા હાલ દૈનિક ૨૨ એમ.એલ.ડી. પાણીનો જથ્થો ફાળવવામાં આવી રહ્યો હોવાનું કહી રહ્યુ છે જ્યારે પાણી પુરવઠા બોર્ડ દ્વારા શહેરને દૈનિક ૩૨ એમ.એલ.ડી. પાણીનો જથ્થો ફાળવવામાં આવી રહ્યાનું કહી રહેલ છે.

ગાંધીનગર શહેરમાં પાણીનો પુરવઠો પુરા ફોર્સથી અને પુરતા પ્રમાણમાં નહિ મળતુ હોવાની ફરિયાદ તીવ્ર બની છે. ગાંધીનગર શહેરમાં પાણીનો પ્રશ્ન પેચીદો બની જવા પામ્યો છે.

આજે સ્થાયી સમિતિની બેઠક બાદ પત્રકારોના પ્રશ્નોના ઉત્તરમાં ચેરમેન જસવંતભાઈ પટેલે જણાવ્યુ હતુ કે ફરિયાદો અમને પણ મળી રહી છે અને મોટી સંખ્યામાં ફરિયાદો આવતાં અમે માર્ગ-મકાન અને પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ સાથે એકાદ દિવસમાં બેઠક યોજવા અંગે વિચારી રહ્યા છીએ.

ગાંધીનગર શહેર-તાલુકામાં ચોમાસાની ઘટને પગલે અને ભૂગર્ભ જળના સ્તર નીચે ગયા હોવાથી પાણીની તકલીફ હોવાનો તેમણે સ્વીકાર કર્યો હતો.

આજે પત્રકારોના પ્રશ્નોના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ૧૦ ઈંચના પાંચ બોર બનાવવાનો નિર્ણય આજની બેઠકમાં જ લેવાયો છે. આ બોર બનાવવા પાછળ રૂ. ૮૧ લાખ ૪૫ હજારનો ખર્ચ થશે.

તેમણે પત્રકારોને જણાવ્યુ હતુ કે શહેરમાં ૧૪ જેટલા ટી.પી. વિસ્તારમાં વોટર સપ્લાય ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક ઉભુ કરવા માટે રૂ. ૫૫ કરોડથી વધુના ખર્ચના ટેન્ડરને પણ

● અનુસંધાન પાન-૭ પર

# સે. ૨૧ પેટ્રોલ પંપમાં માત્ર કેશલેશ સેવાથી ગ્રાહકોમાં રોષ

## ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા રોકડેથી સેવા કાર્યરત કરવાની માંગ કરાઈ

ગાંધીનગર, તા. ૧૯

ડિજીટલ ગુજરાતના સંકલ્પને સાકાર કરવા માટે ગાંધીનગરના સેક્ટર-૨૧માં આવેલ નાગરિક પુરવઠા નિગમના પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ, ડિઝલ તેમજ સીએનજીના વેચાણના બદલામાં રોકડ સ્વીકારવાનું બંધ કરીને માત્ર ડીજીટલ પેમેન્ટ સ્વીકારવાનો નિયમ લાગુ કરવામાં આવ્યો છે. જેના કારણે ગ્રાહકોમાં રોષ વ્યાપી જવા પામ્યો છે. આ બાબતે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ધારાસભ્ય અને સચિવકક્ષાએ રજૂઆત કરવાનું આયોજન થઈ રહ્યુ છે.

પેટ્રોલપંપ પર આવતા ગ્રાહકો કે જેમની પાસે કાર્ડ ન હોય તેઓને રોકડેથી સેવા ન મળતા હાડમારી ભોગવવી પડે છે. ટેકનોલોજીનો દૂરઉપયોગ કરી નાના માણસો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. જેથી આ વ્યવસ્થાને પુનઃ વિચારણા કરી રોકડેથી સેવા કાર્યરત થાય તેવી માંગ ઉઠી છે.



રાહદારીઓ માટે રસ્તો ક્રોસ કરવા એક નવી જ સિસ્ટમ શરૂ કરાઈ છે. સેક્ટર-૧૭ ટાઉનહોલ નજીક પુશબટન પેડેસ્ટ્રીયન ક્રોસિંગ સિસ્ટમ શરૂ કરાતા રાહદારીઓ માટેની સુવિધામાં વધારો થયો છે.

# શહેર-જિલ્લામાં કોરોનાના ૧૯ કેસ

## શહેરમાં કોરોનાના નવા ૮ અને ગ્રામ્યમાં ૧૧ કેસ નોંધાયા : દહેગામમાં ૧, ગાંધીનગરમાં ૪, કલોલ-માણસામાં 3-3 કેસ નોંધાયા : સેક્ટર-૮માં વૃદ્ધ દંપત્તિ કોનાની ઝપેટમાં : સે.૧માં, ૨૧, ઝુંડાલ, રાંધેજા, સરગાસણ, આઈ.આઈ.ટી.માંથી કેસ મળ્યા : સરગાસણમાં ૪ વર્ષની દિકરી સંક્રમિત થઈ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે નવા ૮ કેસ અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નવા ૧૧ કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતાર થતો રહેતો હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેર-જિલ્લામાં કોરોનાનું લોકલ ટ્રાન્સમિશન થયાનો ભય તંત્રને સતાવી રહ્યો છે. જો કે આ વખતે કોરોનાના હળવા લક્ષણો દર્દીઓમાં જણાઈ રહ્યા હોવાથી દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ વધુ પસંદ કરી રહ્યા છે. હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો હોવા ઉપરાંત રિકવરી રેટ સારો હોવાથી તંત્રને રાહત છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૪ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં બે દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે ૮ નવા કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં પાંચ મહિલા દર્દી છે જેમાં ૪ વર્ષની એક દિકરીનો પણ સમાવેશ થાય છે. ત્રણ સિનીયર સિટીઝન્સનો પણ સમાવેશ થાય છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ત્રણ કેસ તેમજ આઈ.આઈ.ટી. કેમ્પસમાં એક કેસ નોંધાયો છે. ૪ કેસ શહેરના સેક્ટરોમાં નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલ એક પણ દર્દી ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતો નહિ હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં સમાવિષ્ટ રાંધેજા ગામેથી ૪૦ વર્ષીય પુરૂષનો, સરગાસણમાંથી ૪ વર્ષની નાની દિકરીનો, ઝુંડાલમાંથી ૬૭ વર્ષીય પુરૂષનો તથા આઈ.આઈ.ટી.માંથી ૧૮ વર્ષની વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં સે. ૮માં એક વૃદ્ધ દંપત્તિ કોરોનાની ઝપટમાં આવ્યુ છે. સે. ૮માં સતત કેસો વધી રહ્યા

● અનુસંધાન પાન-૭ પર

### શહેર-જિલ્લામાં પોઝીટીવીટી રેટ ૨ ટકાની આસપાસ

#### શહેરમાં ૫૧ દર્દી અને ગ્રામ્યમાં ૫૯ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ : અત્યાર સુધીમાં ૩૭૦ કેસ નોંધાયા

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા ૩૭૦ પર પહોંચી છે. કોરોનાનો પોઝીટીવીટી રેટ ૨ ટકાની નજીક પહોંચ્યો હોવાની ચર્ચા તબીબી જગતમાં થઈ રહી છે.

ગાંધીનગર શહેરમાં ૧૧૦ દિવસમાં કોરોનાના કેસો ૧૭૩ નોંધાયા છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસ ૧૯૭ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો ગાંધીનગરમાં ૭૦, કલોલમાં ૬૪, માણસામાં ૩૪ અને દહેગામમાં ૨૯ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં હાલ ૧૧૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જે પૈકી મોટા ભાગના દર્દી હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં ૫૧ દર્દી એક્ટીવ કેસ તરીકે અને ગ્રામ્ય વિસ્તારમાં ૫૯ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

બેસણું



સ્વ. બહાદુરસિંહ(રમેશજી) જવાનજી વાઘેલા

દિલગીરી સાથે જણાવવાનું કે ગામ કોલવડા નિવાસી અમારા પિતાશ્રી સ્વ. બહાદુરસિંહ(રમેશજી) જવાનજી વાઘેલા તા. 17.04.2023ને સોમવારના રોજ સ્વર્ગવાસ પામ્યા છે, પરમ કૃપાળુ પરમાત્મા એમના આત્માને શાતિ આપે એજ પ્રભુ ને પ્રાર્થના

સદ્દગતનું બેસણું
તા. 21.04.2023ને શુક્રવાર સમય : સવારે 09.00 થી 01.00
સ્થળ : વાણીયા વાસ, દરબાર ભાગોળ, કોલવડા, ગાંધીનગર

વાઘેલા સુરેન્દ્રસિંહ બહાદુરસિંહ (પુત્ર)
વાઘેલા શૈલેષસિંહ બહાદુરસિંહ (પુત્ર)
વાઘેલા બળવંતસિંહ જવાનજી (ભાઈ)
વાઘેલા રાજેન્દ્રસિંહ જવાનજી (ભાઈ)
વાઘેલા વખતસિંહ જવાનજી (ભાઈ)
મો. 9998 131465

રક્તદાન મહાદાન

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

# જાહેર હિસાબ સમિતિમાં જીતુ વાઘાણી, અંદાજ સમિતિમાં સુશ્રી મનીષા વકીલ ચેરમેન નિમાયા

## પંચાયતીરાજ સમિતિમાં પંકજ દેસાઈ અને જાહેર સાહસોની સમિતિમાં ગણપતસિંહ વસાવા ચેરમેન : કોંગ્રેસને હિસાબ સમિતિમાં બે, આપને એક અન્ય ત્રણ નાણાંકીય સમિતિમાં કોંગ્રેસના એક-એક સભ્યને સમાવાયા

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત વિધાનસભાની ચાર મહત્વની સમિતિઓની રચના ઉપરાંત વિવિધ બોર્ડ યુનિ.ના પ્રતિનિધિ તરીકે ધારાસભ્યોની નિમણુંકો કરી દેવામાં આવી છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય દ્વારા આજે પત્રક-૩ માં સમિતિઓની રચનાની જાહેરાત કરવામાં આવી છે.

રાજ્ય વિધાનસભાની અંદાજ સમિતિના ચેરમેન તરીકે પૂર્વમંત્રી મનીષાબેન વકીલની, જાહેર હિસાબ સમિતિમાં પૂર્વમંત્રી જીતુભાઈ વાઘાણીની, જાહેર સાહસોની સમિતિના ચેરમેન તરીકે ગણપતસિંહ વસાવાની તેમજ પંચાયતી રાજ સમિતિના ચેરમેન તરીકે પંકજભાઈ દેસાઈની વરણી કરવામાં આવી છે.

પાંચ દસક બાદ વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના ચેરમેન તરીકે વિધાનસભા શાસક પક્ષના સભ્યની નિયુક્તી થઈ છે. ૧૯૬૮થી આ જાહેર હિસાબ સમિતિના ચેરમેન પદે વિપક્ષને જ તક અપાતી રહી છે.

નવી રચાયેલ પંદરમી વિધાનસભામાં સૌથી મોટા વિપક્ષના પક્ષ કોંગ્રેસને બે બેઠક અને આમ આદમી પાર્ટીને એક બેઠક જાહેર હિસાબ સમિતિમાં આપવામાં આવી છે.

કોંગ્રેસમાંથી ડૉ. સી.જે. ચાવડા, પૂર્વ વિપક્ષી નેતા અર્જુનભાઈ મોઢવાડિયા તેમજ આમ આદમી પાર્ટીના હેમંતભાઈ આહિરને સભ્યપદ આપવામાં આવ્યુ છે.

જાહેર અંદાજ સમિતિમાં કોંગીના ડૉ. તુષાર ચૌધરીને પણ સ્થાન આપવામાં આવ્યુ છે. પંચાયતી રાજ સમિતિમાં કોંગ્રેસના ગેનીબેન ઠાકોર અને જાહેર સાહસોની સમિતિમાં કોંગીના ઈમરાન ખેડાવાલાને સ્થાન આપવામાં આવ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com